GJSN050026582025

**<u>ફોજદારી પરચુરણ અરજી નં. ૨૯૬/૨૦૨૫ ના કામે આંક–૧ લગત હુકમ.</u>**

**(૧)** અરજદાર તરફે બી.એન.એસ.એસ.ની કલમ – ૧૦૦ મુજબ સર્ચ વોરંટ માટેની અરજી વંચાણે લીધી. તેમજ અરજદારના વિ.વ.શ્રીને સાંભળ્યા.

**(૨)** અરજદાર તરફે હાલની અરજી આપીને રજુઆત કરેલ છે કે, અરજદાર અને સામાવાળાની દિકરી રાપુસા ધ્વની દિપકભાઈ છેલ્લા ૩ વર્ષ ઉપરથી એકબીજાને ઓળખતા હતા જેથી બંન્ને વચ્ચે પ્રેમ સબંધ બંધાયેલો અને સામાવાળા ધ્વનીના માતાપિતા તેમની દિકરીને હેરાન કરતા હોય અને શંકા રાખી તેમની દિકરીને બહાર આવવા જવા દેતા ન હોય અને ધ્વનીની મરજી વિરૂધ્ધ તેમનો સબંધ કરાવવા માંગતા હોય જેથી અરજદાર તથા સામાવાળાની પુત્રી ધ્વની બંન્ને એક જ જ્ઞાતીના હોય, અપરણીત હોય અને એકબીજાની મરજીથી મિત્ર દરજ્જે સાથે રહેવા માંગતા હોય અરજદાર તથા સામાવાળાની પુત્રી ધ્વનીએ તા.૦૧/૧૧/૨૦૨૫ ના રોજ અમદાવાદ મુકામે લીવ ઈન રીલેશીનશીપનો કરાર નોટરાઈઝડ કરેલ છે અને તે કરારની મુળી પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવા ગયેલ તે વખતે પોલીસ સ્ટેશનની બહાર ધ્વનીના પિતા દિપકભાઈ, મહિપતભાઈ જેસીંગભાઈ ભવાણીયા(મામા), ઘનશ્યામભાઈ કરશનભાઈ ભવાણીયા(મામા), શિવમ દિપકભાઈ(ભાઈ) અને અન્ય ૨૦ થી ૨૫ માણસો મારવા માટે આવેલ હતા જે અંગેની અરજદારે મુળી પોલીસ સ્ટેશને ફરીયાદ પણ કરેલ

છે અને તે વખતે મુળી પોલીસે ધ્વનીનું નિવેદન લીધેલ જેમાં ધ્વનીએ અરજદાર સાથે જ રહેવા જણાવેલ હોય જેથી ધ્વનીને અરજદારને સોંપી આપેલ અને ત્યારબાદ અરજદાર અને સામાવાળાની પુત્રી ધ્વની મોરબી મુકામે કારખાનામાં મજુરીકામ કરવા જતા રહેલ હતા.

વધુમાં અરજદારે જણાવેલ છે કે, તેઓને ચોટીલા મંદિરે દર્શન કરવાની માનતા હોય જેથી તેઓએ ચોટીલા આવવાનુ નકકી કરેલ અને તેઓ ચોટીલા આવવા નિકળેલ અને રસ્તામાં હતા તે વખતે તેમના મિત્ર જીવણભાઈ છત્રોટીયાનો ફોન આવેલ અને તેમને મળવા મોરબી આવવા જણાવેલ જેથી અરજદારે તેમના મિત્રને જણાવેલ કે તેઓ ચોટીલા આવે છે જેથી તમોએ મોરબી ધકકો ખાવાની જરૂર નથી જેથી અરજદાર અને ધ્વની ચોટીલા આવે છે તેની જાણ જીવણભાઈએ ધ્વનીના ઘરે કરી દીધેલ અને અરજદાર અને ધ્વની ચોટીલા માતાજીના દર્શન કરીને નીકળેલ તે વખતે અરજદારના મિત્રએ જમવાનો આગ્રહ કરેલ અને તેઓને ચોટીલા હાઈવે ઉપર હોટલે જમવા માટે લઈ ગયેલ તે વખતે ત્યાં અરજદારના મામાજી જીવણભાઈ, મહિપતભાઈ અને રાજુભાઈ આવી ગયેલ અને મહિપતભાઈએ અરજદારનો કોલર પકડીને માર મારેલ અને તેઓ બંન્નેના મોબાઈલ આંચકી લીધેલ અને તેઓ બંન્નેને જબરદસ્તી ઈકો ગાડીમાં બેસાડીને કરશનભાઈ ભવાણીયા ના મફતીયાપરા, સુર્ય ચોકની બાજુમાં આવેલ ઘરે લઈ ગયેલ જયાં ધ્વનીના મામા કરશનભાઈએ ધ્વનીને માર મારેલ અને બધા લોકોએ ભેગા મળી અરજદારને પણ માર મારેલ અને તે વખતે ધ્વનીને તારે કોની સાથે રહેવુ છે તેમ પુછેતા ધ્વનીએ અરજદાર સાથે રહેવાની સહમતી દર્શાવતા ધ્વનીના મામા મહિપતભાઈ છરી લઈને આવેલ હોય જે છરી અરજદારના ડાબા હાથના કાંડાના ભાગથી ઉપર અને કોણીથી નીચેના ભાગે મારી લસરકા કરેલ અને છાતીના ભાગે પણ ઉજરડા પાડી દીધેલ અને ધ્વનીને રૂમમાં પુરી રાખેલ

અને અરજદારને ગાડીમાં બળજબરીપુર્વક બેસાડી માનપર ગામમાં રાજુભાઈની વાડીએ લઈ ગયેલ અને એક ઓરડીમાં બંધ કરી ગોંધી રાખેલ જયાંથી અરજદાર રાત્રે મોકાનો લાભ લઈ ભાગી નીકળેલ અને ત્યાંથી કોઈનો મોબાઈલ હાથમાં આવેલ તે પણ સાથે લઈને નીકળેલ અને તેઓ વગડીયા પાસે મેલડી માતાજીના મંદિરે સંતાયેલ અને ૧૧૨ માં ફોન કરી બનાવની જાણ કરેલ પરંતુ તેઓ સંતાયેલ હોય જેથી પોલીસને મળેલ નહી અને આ બનાવ અંગે ચોટીલા પો.સ્ટે.માં ફરીયાદ કરેલ છે.

વધુમાં અરજદારે જણાવેલ છે કે, ધ્વનીનો ભાઈ શિવમ તેઓના રૂમે જઈને ધ્વનીના બધા ડોકયુમેન્ટસ કારખાને ખોટુ બોલીને લઈ ગયેલ અને ધ્વનીના પિતા તેમજ કુટુંબના માણસો ધ્વનીને તેમની મરજી વિરૂધ્ધ તેડી ગયેલ હોય અને ધ્વનીબેન અરજદાર સાથે રહેવા માંગતા હોય પરંતુ સામાવાળા તેમને ત્રાસ આપતા હોય તેમજ બીજે પરણાવવા તૈયારી કરતા હોય અને ધ્વનીબેનને જીવનુ જોખમ હોય જેથી સામાવાળા સામે સર્ચ વોરંટ ઈસ્યુ કરી સામાવાળા ધ્વનીબેનનો કબજો અરજદારને સોંપી આપે તેવો હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૩) આ કામે અરજદારે તેમની અરજીના સંદર્ભે અરજદારના આધાર કાર્ડની નકલ તથા લીવઈન રીલેશનશીપના કરારની નકલ રજુ રાખેલ છે.

(૪) સદર કામે સામાવાળાને હાજર થવા નોટીસ કાઢતા નોટીસ વગર બજયે પરત આવેલ છે, ત્યારબાદ અરજદાર તર્ફે સામાવાળાની નોટીસના હાથબીડાની અરજી આપતા અરજદારને સામાવાળાને હાજર રખાવવા નોટીસનો બીડો હાથોહાથ આપેલ છે પરંતુ અરજદાર સામાવાળાને નોટીસ બજાવી શકેલ નથી કે સામાવાળાને અત્રેની કોર્ટ રૂબરૂ હાજર રખાવી શકેલ નથી.

(૫) પ્રસ્તુત કામે અરજદાર ધ્વારા બી.એન.એસ.એસ.ની કલમ – ૧૦૦ અન્વયે અરજી કરવામાં આવેલી છે જે સંબંધે બી.એન.એસ.એસ.ની કલમ–૧૦૦ ના પ્રબંધો વંચાણે લઈએ તો, જયારે કોઈ પણ ડિસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ, સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ કે ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટને એમ માનવાને કારણ હોય કે કોઈ પણ વ્યકિતની અટકાયત એવા સંજોગોમા કરવામાં આવી છે કે તે અટકાયત ગુનો બને છે તો તે જડતી વોરંટ બહાર પાડી શકશે અને આવુ વોરંટ જેમને બજાવવા માટે આપવામાં આવ્યુ હોય તે વ્યકિત જે વ્યકિતની અટકાયત કરવામા આવી હોય તેની તપાસ કે જડતી કરશે અને આવી જડતી કે તપાસ વોરંટમા દર્શાવવામાં આવેલ રીત અનુસાર કરવામા આવશે અને આવી વ્યકિત મળી આવે તો જે મેજિસ્ટ્રેટ આવો જડતી વોરંટ બહાર પાડયો હોય તેની સમક્ષ તાત્કાલિક રજુ કરવામાં આવશે.

આમ ઉપરોકત કલમને ધ્યાને લેતા આ કલમ ત્યારે જ અમલમાં આવે કે જયારે કોઈ વ્યકિતને ગેરકાયદેસર રીતે બંધનમાં રાખવામાં આવેલ હોય હાથ પરના કીસ્સામાં ધ્વનીબેન સામાવાળા તેમના માતાપિતા સાથે હાલ રહેતા હોવાનુ જણાવેલ છે પરંતુ આ કામે સામાવાળાને હાજર રહેવા નોટીસ કાઢતા વગર બજયે પરત આવેલ છે તેમજ અરજદારને નોટીસનો હાથબીડો આપવા છતા અરજદાર સામાવાળાને નોટીસ બજાવી હાજર રખાવી શકેલ ન હોય જેથી ધ્વનીબેનનુ કોઈ નિવેદન લઈ શકેલ નથી તેમજ અરજદારે તેમની અરજીમાં જણાવેલ છે કે તેઓ તથા ધ્વનીબેને લીવ ઈન રીલેશનશીપનો કરાર કરેલ તે અંગેની મુળી પોલીસ સ્ટેશને જાણ કરવા ગયેલ તે વખતે ધ્વનીબેનનુ નિવેદન લેવામાં આવેલ જેમાં ધ્વનીબેને અરજદાર સાથે રહેવાનુ જણાવેલ હતુ પરંતુ આવા કોઈ નિવેદનની નકલ અરજદારે આ કામે રજુ કરેલ નથી તેમજ અરજીમાં જણાવ્યા મુજબ સામાવાળા તથા તેમના કુટુંબીજનોએ અરજદાર તથા ધ્વનીબેન સાથે મારપીટ કરી ગોંધી રાખેલ તે અંગે અરજદારે પોલીસ

ફરીયાદ કરેલ છે પરંતુ તે ફરીયાદની નકલ આ કામે રજુ રાખેલ નથી જેથી અરજદાર પક્ષ અરજીમાં જણાવેલ વિગતે સામાવાળા કે સામાવાળાના કુટુંબીજનોએ અરજદાર સાથે કે ધ્વનીબેન સાથે કોઈ મારપીટ કરેલ હોવાનુ કે ગોંધી રાખેલ હોવાનુ રેકર્ડ પર લાવી શકેલ નથી. વધુમાં ધ્વનીબેન પુખ્ત ઉંમરના વ્યકિત હોય અને હાલ તેમના માતા પિતા સાથે રહેતા હોય તેમજ અરજદારે ધ્વનીબેન સાથે લીવ ઈન રીલેશનશીપનો કરાર કરેલ હોવા માત્રથી અરજદારનો ધ્વનીબેન ઉપર કોઈ કાયદેસરનો હકક અધિકાર ઉત્પન્ન થતો ન હોય તેમજ અરજદાર દવારા ધ્વનીબેનને સામાવાળા તેમના માતાપિતાએ બળજબરીથી ગોંધી રાખેલ હોય કે સામાવાળા તેમની પુત્રીને કોઈ શારીરીક માનસીક ત્રાસ આપતા હોય તેવુ રેકર્ડ પર લાવી શકેલ ન હોય જેથી સદરહું કામે બી.એન.એસ.એસ.ની કલમ-૧૦૦ ના ગોંધી રાખવાના તત્વો પુરવાર થતા હોવાનુ જણાય આવતું નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ-:-**

અરજદારની અરજી **નામંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૦મી, માંહે: જુન, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કરવામાં આવ્યો.

તા.૧૦/૦૬/૨૦૨૬
ચોટીલા

(પંકિત દિશાંત દવે)
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. ક.
ચોટીલા.
(જજ કોડ નં. જીજે૦૧૬૬૦)